લોકસભાની ચૂંટણીમાં દિવ્યાંગ મતદારો વધુ મતદાન કરાવવા માટે જાગૃત

હિંમતનગરમાં સૌથી વધુ ૧૫૬૯, સૌથી ઓછા ઈડરમાં ૧૨૧૭ દિવ્યાંગ મતદારો

સાંકેતિક ભાષામાં મતદાન કરવાની અપીલ કરતા દિવ્યાંગ મતદાર

હિંમતનગર, તા. ૫

મારે ભલે આંખ નથી પણ દૃષ્ટિ છે. મતદાન કરવાની એમ એક શિક્ષીત દિવ્યાંગ જ્યારે વધુ મતદાન કરવા માટે અપીલ કરે છે ત્યારે તેઓ ખરેખર દિવ્યાંગ એને માને છે કે જે મતદાન કરવામાં આળસ દાખવે છે. આગામી તા. ૨૩ એપ્રિલે લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે વહીવટીતંત્ર દ્વારા દિવ્યાંગોને મતદાન કરવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે જરૂરીયાતવાળા સ્થળે ૩૨૬ વ્હીલચેર તથા ૧૦૧ સહાયકો ઉપલબ્ધ કરાવશે. જિલ્લામાં સૌથી વધુ દિવ્યાંગ મતદારો હિંમતનગર વિધાનસભા વિસ્તારમાં ૧૫૬૯ જ્યારે સૌથી ઓછા ઈડર વિધાનસભા વિસ્તારમા ૧૨૧૭ નોંધાયા છે.

દિવ્યાંગ મતદારોમાં જાગૃતી લાવવા માટે સાબરકાંઠામાં શૈક્ષણિક કારકિર્દી સાથે સંકળાયેલા નખશીખ વ્યક્તિત્વ ધરાવતા ભાસ્કરભાઈ મહેતા પાસે જોવા માટે આંખ નથી. પણ તેઓ દુનિયાદારીનું ભરપુર જ્ઞાન ધરાવે છે. તેઓ કહે છે કે લોકશાહીની પ્રક્રિયામાં સૌથી મહત્વનું કામ મતદાન કરવાનું છે. જો મતદાન ન કરીએ તો આપણે આપણા અધિકારો અને ફરજો માટે જે તત્પરતા દાખવીએ છીએ તે અપરીપૂર્ણ રહી ગણી શકાય. તંત્ર દ્વારા દિવ્યાંગજનો સરળતાથી મતદાન કરી શકે તે માટે રેમ્પ, વ્હીલચેર તથા મતદાતા સહાયકની વ્યવસ્થા કરી છે.

કોઈપણ વ્યક્તિ જ્યારે મતદાન કરવામાં આળસ દાખવે તેજ દિવ્યાંગ છે. તેમ કહેવામાં કઈ ખોટુ નથી. હિંમતનગરમાં રહેતા ૨૧ વર્ષીય રાજ ત્રિવેદી જન્મથી બોલવા અને સાંભળવામાં તકલીફ અનુભવે છે. પરંતુ તે સાંકેતિક ભાષામાં સમજાવે છે કે મે ગત ચૂંટણીમાં મતદાન કર્યુ હતુ અને આ વખતે લોકસભાની ચૂંટણીમાં પણ હુ જરૂરથી મતદાન કરીશ. જિલ્લામાં સંપૂર્ણ દૃષ્ટિ ન હોય તેવા ૭૭૪ મતદારો છે. ૩૪૮ મુકબધિર, સંપૂર્ણ હલનચલન ન કરી શકે તેવા ૨૮૯૬ મતદારો જ્યારે શારીરિક રીતે સક્ષમ ન હોય તેવા ૧૭૫૭ મતદારો નોંધાયેલા છે. જિલ્લામાં સૌથી વધુ દિવ્યાંગ મતદારો હિંતનગર વિધાનસભા વિસ્તારમાં ૧૫૬૯ જ્યારે સૌથી ઓછા ૧૨૧૭ ઈડર વિધાનસભા વિસ્તારમાં છે. જિલ્લામાં કુલ દિવ્યાંગ મતદારોની સંખ્યા ૫૭૭૫ છે. ખેડબ્રહ્મામાં ૧૪૪૬ જ્યારે પ્રાંતિજમાં ૧૫૪૩ દિવ્યાંગ મતદારો છે.

પાલનપુરમાં છરીથી હૂમલો, યુવકના મોતથી પરિવારમાં શોક

પરિવાર અને હિન્દુ સંગઠન રોડ પર ઉતરી આવતા પોલીસે મામલો થાળે પાડ્યો

પાલનપુર

પાલનપુરના ઢુંઢીયાવાડી ઘેમરપુરા વિસ્તારમાં ચાર દિવસ અગાઉ થયેલા ઝઘડામાં કેટલાક શખ્સોએ ઉશ્કેરાઇ જઈ એક યુવકને છરી હૂલાવી દીધી હતી.

પોલીસે ફરિયાદ ન લીધી હોવાનો આક્ષેપ

મૃતક યુવકના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે, ઘેમરપુરા વિસ્તારમાં ચાર દિવસ અગાઉ બનેલી હૂમલાની ઘટનામાં હૂમલાખોરો સામે ફરિયાદ નોંધાવવા ગયા હતા. પરંતુ પોલીસે અમારી ફરિયાદ લીધી નથી. આ અંગે પરિવારે વિપુલનું મૃત્યુ બેકાન નહી જાય ત્રણ દિવસ સુધી પોલીસ ફરિયાદ ન લેનાર પોલીસ કર્મીઓ સસ્પેન્ડ થાય તેવા બેનર પણ પ્રદર્શિત કર્યા હતા.

જેને ગંભીર હાલતમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં શુક્રવારે યુવકનું મોત થયું હતુ. જેના પરિવારો મૃતદેહને પાલનપુર લઈ આવ્યા હતા. અને કોઝી વિસ્તારમાં મુકી જ્યાં સુધી ન્યાય ન મળે ત્યાં સુધી મૃતદેહ ઉપાડવાનો ઈન્કાર કરી દેતાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. દરમિયાન ઘટનાસ્થળે દોડી આવેલા જિલ્લા પોલીસવડાની સમજાવટના અંતે પરિવારે યુવકનો મૃતદેહ સ્વિકારી તેના અંતિમ સંસ્કાર કર્યા હતા. બીજી તરફ યુવકની હત્યાને પગલે ઘેમરપુરા વિસ્તારમાં ભારે તંગદિલી પ્રસરી જવા પામી હતી. જ્યાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

પાલનપુરમાં ચકચારી બનેલી ઘટનાની વિગતો એવી છે કે, શહેરના ઢુંઢીયાવાડી ઘેમરપુરા વિસ્તારમાં ચાર દિવસ અગાઉ થયેલા ઝઘડામાં કેટલાક શખ્સોએ ઉસ્કેરાઇ થઇ વિપુલ ઓડ ઉપર છરીથી હૂમલો કરી ગંભીર ઈજાઓ પહોચાડી હતી. જેને પાલનપુર સિવિલ હોસ્પિટલમાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન વિપુલનું શુક્રવારે મોત થયું હતુ.

જેના પરિવારો વિપુલનો મૃતદેહ પાલનપુર લઈ આવ્યા હતા. અને કોઝી વિસ્તારમાં મુકી વિપુલને ન્યાય નહી મળે ત્યાં સુધી મૃતદેહ નહિ સ્વિકારવામાં આવે તેવા બેનરો દર્શાવતાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. આ અંગેની જાણ થતાં જિલ્લા પોલીસવડા પ્રદિપ સેજુળ ત્યાં દોડી ગયા હતા. અને સમજાવટના અંતે પરિવારોએ મૃતદેહ સ્વિકારી તેની અંતિમક્રિયા કરી હતી. જોકે, યુવકની હત્યાને પગલે ઘેમરપુરા વિસ્તારમાં ભારે તંગદિલી પ્રસરી જવા પામી હતી. જ્યાં કોઈ અનિચ્છિનીય ઘટના ન ઘટે તે માટે પોલીસ દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

જિલ્લા પોલીસવડાના પ્રયાસોથી શહેરમાં મોટી ઘટના બનતી અટકી ગઇ

વિપુલ ઓડની હત્યા કરવામાં આવતાં હિંદુ સંગઠનોના કાર્યકરો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. અને કોઈપણ ક્ષણે સ્થિતિ વણસે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતુ. ભારે તંગદિલી વચ્ચે જિલ્લા પોલીસવડાએ વર્તમાન ચૂંટણીના માહોલ વચ્ચે સરાહનીય પ્રયત્ન કરી મૃતકના પરિવારજનોને ન્યાયની ખાત્રી આપતાં શહેરમાં મોટી અનિચ્છિનય ઘટના બનતી અટકી ગઈ હતી.

શિહોરી બાર એસોસિઅનના નવા પ્રમુખ તરીકે ડી.ડી રાવલ

આજે શિહોરી કોર્ટમાં નવા પ્રમુખ તરીકે ડી.ડી. રાવલ તથા ઉપપ્રમુખ તરીકે મઘાજી. સી. પરમાર તથા ખજાનચી તરીકે બી. સી ઠાકોર તથા સહમંત્રી તરીકે આર.કે. મન્સૂરીને હોદ્દા અપાયા હતા. આ પ્રસંગે પૂર્વ બાર એસોસિઅનના પ્રમુખ એ. વી. શાહ તથા સિનિયર એડવોકેટ હરિપ્રસાદ દવે તથા દેવરણભાઇ દેસાઈ, એસ. કે દેસાઈ તથા વિનુબા. પી. પરમાર તથા દિનુભા કે. ડાભી તથા કનુભાઈ શ્રીમાળી તથા બાબુભાઇ તથા એમ. આર. મકવાણા ભરતભાઇ દેસાઈ પી. બી. જોશી વગેરે શિહોરી બાર એસોસિઅનના સભ્યો હાજર રહીને સર્વાનુમતે લેવાયો નિર્ણય.

ઈડરના આનંદનગરમાંથી જુગારધામ પકડાયું

એલસીબીએ ૩.૬૦ લાખનો મુદ્દામાલ કબજે લીધો : ૧૩ જુગારીઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ

હિંમતનગર, તા. ૫

ઈડરના આનંદનગર વિસ્તારમાં ચાલતા એક જુગારધામ પર ગુરૂવારે સાબરકાંઠા એલસીબીએ છાપો મારીને ૧૩ જુગારીઓને રંગેહાથ ઝડપી લઈ તેમની પાસેથી મોબાઈલ તથા રોકડ મળી ચાર વાહનો સહીત રૂ. ૩.૬૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે લઈ તેમની વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવાયો હતો.

આ અંગે એલસીબીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુરૂવારે તેમના સ્ટાફને એવી બાતમી મળી હતી કે ઈડરની આવકાર સોસાયટી, આનંદનગરમાં એક મકાનમાં કેટલા શખ્સો ગંજીપાનાનો જુગાર રમાડી રહ્યા છે. જે આધારે પોલીસે આનંદનગરમાં રહેતા કૃણાલ પ્રદિપભાઈ રાવલના ઘરમાં દરોડો પાડતા જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી.

દરમ્યાન પોલીસે ૧૩ જુગારીઓને ઝડપી લઈ તેમની પાસેથી રૂ. ૩૭૯૦૦ રોકડ, રૂ. ૨૩ હજારની કિંમતના આઠ મોબાઈલ અને ચાર વાહનો મળી અંદાજે રૂ. ૩,૬૦,૯૦૦નો મુદ્દામાલ કબજે લઈ ૧૩ આરોપીઓની અટકાયત કરી જુગારધારાની કલમ-૪-૫ મુજબ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

સાબરકાંઠા લોકસભા બેઠક પર

આદિવાસી, દલિત અને મુસ્લિમ મતદારો ટ્રમ્પ કાર્ડ સાબિત થશે

સાબરકાંઠા લોકસભા બેઠક પર ક્ષત્રિય-ઠાકોર સમાજના ૫.૩૦ લાખ મતદારો છે. ક્ષત્રિય ઠાકોર સાબરકાંઠા બેઠક પર બંને ઉમેદવારો ઠાકોર સમાજના હોવાથી મતોનું ધ્રુવીકરણ થવાની મોટાપાયે સંભાવના રહેલી છે. ત્યારે આદિવાસી મતદારોની સંખ્યા ૩ લાખથી વધુ, દલિત મતદારો ૧.૮૦ લાખ અને મુસ્લિમ મતદારોની સંખ્યા ૧.૩૦ લાખ હોવાથી બંને રાજકીય પક્ષો માટે મહત્વના બની રહેશે. સાબરકાંઠા લોકસભા બેઠક પર આદિવાસી, દલિત અને મુસ્લિમ મતદારો ટ્રમ્પ કાર્ડ બની રહેશે.

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં આદિવાસી, દલિત અને મુસ્લિમ સમાજ વર્ષોથી કોંગ્રેસ પક્ષ સાથે ઉભો રહ્યો છે પરંતુ છેલ્લા દસ વર્ષમાં આદિવાસી અને દલિત સમાજ ભાજપ તરફી ઢળતા કોંગ્રેસની પરંપરાગત વોટ બેંક તૂટતાં કોંગ્રેસને હારનો સામનો કરવો પડ્યો હતો. ભૂમિ જમીન ગ્રહણ કાયદો, એટ્રોસિટી એક્ટમાં સુપ્રીમકોર્ટે સુધારાના કરવાના નિર્ણય પછી કેન્દ્ર સરકારે એટ્રોસિટી એક્ટ અંગે વટહુકમ લાવવાની ફરજ પડતા અને ભાજપની કેન્દ્ર સરકારમાં દલિતો પર અત્યાચારની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતા દલિત અને આદિવાસી સમાજમાં ભાજપ સરકાર સામે ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. બીજી બાજુ મુસ્લિમ સમાજ કેન્દ્ર સરકારે ટ્રિપલ તલાક

મુદ્દે બિલ પસાર કરતા મુસ્લિમ મતદારો પણ શરિયતનો ભંગ થતા ભાજપ પક્ષથી મોહભંગ થતા સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપ પક્ષ માટે આદિવાસી, દલિત અને મુસ્લિમ મતદારો બૂમરેંગ સાબિત થશે. ભાજપ પક્ષે લોકસભા બેઠક જીતવા માટે કમરકસી છે અને આદિવાસી અને દલિત સમાજના મતદારોને રીઝવવા ભારે પ્રયત્નો હાથ ધર્યા છે અને કોંગ્રેસે આઝાદી પછી આદિવાસી, દલિત અને મુસ્લિમ સમાજનો મત માટેજ ઉપયોગ કરી રહી હોવાનું અને વિકાસથી વંચિત રાખવામાં કોંગ્રેસ પક્ષ કારણભૂત હોવાનું ઠસાવવા તનતોડ મહેનત કરી રહી છે.

લોકસભા બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીના જંગમાં આદિવાસી, દલિત અને મુસ્લિમ મતદારો ભાજપ અને કોંગ્રેસ પક્ષ માટે ટ્રમ્પ કાર્ડ સાબિત થશે એસસી, એસટી અને મુસ્લિમ મતદારો જેના તરફી ઢળશે તે પક્ષનો સાબરકાંઠા લોકસભા બેઠક પર વિજય પ્રાપ્ત કરશે.

વી.એન. સવાણી પ્રાથમિક શાળામાં ધોરણ-૮નો વિદાય સમારંભ યોજાયો

ધાનેરા ખાતે ડી.બી. પારેખ હાઈસ્કૂલ માં આવેલ વી.એન. સવાણી પ્રાઈમરી સ્કૂલમાં ધોરણ આઠ ના વિદ્યાર્થીઓનો છેલ્લું વર્ષ હોવાથી વિદાય સમારંભ યોજાયો હતો આમ ધોરણ આઠ નુ વર્ષ પૂર્ણ કરી ડીબી પારેખ સ્કૂલમાં ધોરણ નવથી અભ્યાસ કરવા જાય છે આ પ્રસંગે ડી.બી.પારેખ સ્કૂલના આચાર્ય શ્રી ચેનજી ભાઈ સોલંકી તથા વી.એન. સવાણી ના આચાર્ય શ્રી જસવંતભાઈ એચ. જોષી તથા અન્ય સ્ટાફ હાજર રહી બાળકોનો વિદાય પ્રસંગે આગળ અભ્યાસ માટે માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે બાળકોએ પણ ધોરણ આઠ સુધી કરેલા અભ્યાસનો અનુભવ વ્યક્ત કર્યો હતો અને શિક્ષકોની પ્રશંસા કરી હતી. ડી.બી .પારેખ હાઈસ્કૂલમાં ધોરણ અગિયાર સાયન્સનો ક્લાસ ચાલુ કરેલ હોઈ જેની જાહેરાત કરાઈ હતી અને વહેલી તકે ધોરણ અગિયાર સાયન્સમાં એડમિશન મેળવી લેવા જાહેરાત કરાઈ હતી. આમ વી.એન. સવાણી માં ધોરણ આઠ નો વિદાય સમારંભ કાર્યક્રમ સુંદર રીતે યોજાયો હતો.

ગાબટના ઘઉંથી ભરેલા ખેતરોમાં આગ લાગતા ૬ ખેડૂતોના ૯૦૦ મણ ઘઉં રાખ બન્યા

બાયડ, તા. ૫

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં દર વર્ષે ખેતરોમાંથી પસાર થતા ઝોલા ખાતા હેવી વીજતારથી ખેતરમાં તૈયાર ઉભા ઘઉંનો પાક બળીને ખાખ થઈ જવાની અનેક ઘટનાઓ બનતી રહે છે. ઘઉંની સીઝનમાં જ વીજતાર એકબીજા સાથે અથડાવાથી તણખલા ઝરતા થોડીક જ મિનિટોમાં ઘઉંનો પાક બળીને ખાખ થઈ જતો હોય છે. બાયડ તાલુકાના ગાબટ ગામે ઘઉં થી છલોછલ ભરેલ ખેતરોમાં પસાર થતા વીજતારમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગતાં ખેતરોમાં ઘઉંનો પાક સ્વાહા થતા ૬ ખેડૂતો રડમશ બની ઉઠ્યા હતા.

ગુરુવારે બપોરે બાયડના ગાબટ ગામની સીમમાં આવેલા ખેતરમાંથી પસાર થતા વીજતારમાં અગમ્ય કારણોસર શોર્ટ સર્કિટ થતા અને તણખલા ઝરતા ખેતરમાં તૈયાર ઉભા ઘઉંના પાકમાં આગ લાગતાં અને ઝડપથી પ્રસરતા આજુબાજુમાં રહેલા અન્ય ખેતરોમાં ઉભા ઘઉં આગ લાગતાં ખેડૂતો અને ગામલોકો દોડી આવી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા પરંતુ આગ પવનની ગતિ વધુ હોવાથી આગે ખેતરોમાં રહેલા ઘઉંના પાકને ઝપેટમાં લેતા બળીને ખાખ થતા ૯૦૦ મણથી વધુ તૈયાર થયેલા ઘઉંનો પાક આગથી રાખમાં ફેરવાતા ખેડૂતોએ સ્વજન ગુમાવ્યો હોય તેમ આઘાતમાં સરી પડ્યા હતા. મહા મહેનતે પકવેલા ઘઉં બળી જતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હતો.

ગાબટના સુમનભાઈ નરસિંહભાઈ પટેલ, સુધીરભાઈ હીરાભાઈ પટેલ, બાલુભાઈ શંકરભાઈ પટેલ, પ્રવીણભાઈ ધર્માભાઈ પટેલ, ફકીરભાઈ કોદરભાઈ પટેલ અને ભરતભાઈ ગૌરીશંકર ભટ્ટના ઘઉંથી છલોછલ ભરેલ ખેતર આગમાં ખાખ થતા લાખ્ખો રૂપિયાની નુકશાની ભોગવવાનો વારો આવતા ખેડૂતોની હાલત દયનિય બની છે.

પ્રાંતિજ ખાતે એકલિંગજી દાદાનો પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રી જબરેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રી એકલિંગજી દાદાનો

પાટોત્સવ યોજાયો હતો.

પ્રાંતિજ બજારચોક ગુર્જરની પોળના નાકા ખાતે આવેલ શ્રી જબરેશ્વર મહાદેવ મંદિર ખાતે મંદિરના ચોકમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજસ્થાન ખાતે આવેલ શ્રી એકલિંગજી દાદાનો પાટોત્સવ યોજાયો હતો. પ્રાંતિજ ખાતે વર્ષો પહેલા રાજસ્થાનથી મેવાડા ત્રિવેદી સમાજ જોષી સમાજના બ્રાહ્મણો રાજસ્થાન છોડીને સાબરકાંઠાના પ્રાંતિજમાં વસવાટ કર્યો હતો અને ત્યારથી જ અહીં છેલ્લા કેટલાય વર્ષોથી શ્રી એકલિંગજી દાદાનો પાટોત્સવ અહીં આવેલ શ્રી જબરેશ્વર મહાદેવ મંદિર ખાતે પોતાના ઈષ્ટ દેવનો પાટોત્સવ ત્રિવેદી મેવાડા કે જોષી સમાજના લોકો દ્વારા અહીં ઉજવવામાં આવે છે. આ વખતે ભાર્ગવભાઈ બી. પંડ્યાના મુખ્ય યજમાન પદે એકલિંગજી દાદાનો પાટોત્સવ યોજાયો હતો. જેમાં પૂજા, હવન, આરતી સહિત દિવસ દરમ્યાન ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. શાસ્ત્રી પ્રશાંતભાઈ ત્રિવેદી તથા શાંતીલાલ ત્રિવેદી દ્વારા મંત્રોચ્ચાર દ્વારા આખુંય વાતાવરણ ભક્તિમય બન્યું હતું. મેવાડા ત્રિવેદી-જોષી સમાજના ભાઈ-બહેનો તથા ધર્મપ્રેમી લોકો ઉપસ્થિત રહ્યા હતા અને યજ્ઞ સહિત આરતીમાં ઉપસ્થિત રહી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી. કનુભાઈ પંડ્યા, રાકેશભાઈ જોષી, પરાગભાઈ ત્રિવેદી, અરૂણભાઈ જોષી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

મોડાસાની રસુલ્લાહ બાદ સોસાયટી નજીક ખુલ્લી ગટરમાં ગાય ખાબકતા રેસ્ક્યુ કરી બચાવી

મોડાસા શહેરમાં ખુલ્લી ગટરોમાં અનેકવાર અબોલ પશુઓ પટકાવાની ઘટનાઓ સામે આવતા શહેરના માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં ખુલ્લી ગટરો ઢાંકવામાં આવે તે ખુબ જરૂરી બન્યું છે. રસુલ્લાહબાદ સોસાયટીની સામે આવેલ ખુલ્લા પ્લોટમાં આવેલ ખુલ્લી ગટરમાં ગાય પડી જતા નગરપાલિકા તંત્રને જાણ કરતા નગરપાલિકાની રેસ્ક્યુ ટીમ ઘટના સ્થળે તાબડતોડ પહોંચી હતી હતી અને ભારે જહેમત બાદ ગાયને રેસ્ક્યુ કરી આબાદ બચાવી લેવામાં સફળ રહી હતી. મોડાસા શહેરની રસુલ્લાહબાદ સોસાયટી નજીક ખુલ્લા પ્લોટમાં આવેલી ગટરમાં ગુરુવારે રાત્રીના સુમારે ગાય ખાબકતા અને ગાય બે ગટરોની વચ્ચે ફસાઈ જતા સોસાયટીના રહીશોએ નગરપાલિકા તંત્રને જાણ કરતા નગરપાલિકાની રેસ્ક્યુ ટીમના ગફૂરભાઈ, મહેશભાઈ પહોંચી અંધારામાં ગટરમાં ઉતરી બચાવવાની કામગીરી હાથ ધરી હતી. ગટર વચ્ચે ફસાયેલી ગાયને બહાર કાઢવા ગટર તોડવાની તાતી જરૂરિયાત ઉભી થતા સોસાયટીના ફઝલભાઈ પઠાણ અને લિયાકતભાઈએ જેસીબી મશીન લઈ આવી ગટર તોડવાની કામગીરી હાથ ધરી બે ગટર વચ્ચે ફસડાઈ પડેલી ગાયને બહાર કાઢવામાં અને બચાવવામાં સફળતા મળી હતી.

વડગામ તાલુકાની જનતા લોકસભાની ચૂંટણીને લઈ ભારે અસમંજસમાં

વડગામ પંથકના લોકોનો વ્યવહાર પાલનપુર સાથે લોકસભામાં વોટ પાટણમાં આપવાના : પાટણ લોકસભા બેઠક પરથી ચુંટાયેલા ભાજપ સાંસદ લીલાધર વાઘેલાએ પાંચ વર્ષ પૂર્ણ થયા પણ વડગામ તાલુકામાં ક્યાંય ફરકયા પણ નહી

વડગામ તાલુકાની જનતા છેલ્લા કેટલાય વર્ષોથી લોકસભાની ચૂંટણીને લઈ અસમંજસમાં મુકાઈ છે. વડગામ તાલુકો એ પહેલા લોકસભાની ચુંટણીમાં સાબરકાંઠા મત વિસ્તારમાં સમાવિષ્ટ હતો જેને નવા સિમાંકનમાં વડગામ તાલુકાને લોકસભાની ચુટણીમાં પાટણ બેઠકમાં સમાવેશ કરાયો છે જ્યારે વર્ષોથી વડગામ તાલુકાનો તમામ વ્યવહાર પાલનપુર બ.કાં. સાથે રહ્યો છે જેના કારણે વડગામ પંથકના લોકો લોકસભાની ચુંટણીમાં પાટણ સંસદીય મત વિસ્તારમાં વોટીંગ કરવાનુ આવતુ હોવાથી તાલુકાભરની જનતા અસમંજસમાં જોવા મળી રહી છે અને તાલુકાનો વિકાસ પણ નહીવત રહ્યો છે.

પાટણ લોકસભા બેઠક ઉપર ૨૦૧૦-૧૧માં કોગ્રેસના જગદીશ ઠાકોર ચુંટાયા હતા ત્યાર બાદ ૨૦૧૫-૧૬માં ભાજપના સાંસદ લીલાધર વાઘેલા ચુટાઈ આવ્યા હતા. આ બંન્ને સાંસદોને ચુટાયા બાદ વડગામ તાલુકાને ક્યાંય ફાયદો થવા પામ્યો નથી આ બંન્ને સાંસદો સમયકાળ દરમ્યાન ક્યારેય મતદારોને મળ્યા પણ નથી અને તાલુકા માં આ સાંસદો દ્વારા ક્યાં આંખે ઉડીને વળગે તેવુ કામ પણ કરાયુ નથી આ બંન્ને સાંસદો દ્વારા વડગામ પંથકના લોકોનો માત્ર વોટ બેન્ક તરીકેજ ઉપયોગ કરાયો હોવા ના આક્ષેપ સાથે રાડ ફરીયાદો મતદારો માં થઈ રહી છે ત્યારે ફરીવાર પાટણ બેઠક ઉપર ૨૦૧૯ની લોકસભા ચુટણીમાં કોગ્રેસ દ્વારા જગદીશ ઠાકોરને ઉમેદવાર બનાવતા તાલુકાના મતદારોમાં ભારે રોષ પ્રગટ થઈ રહ્યો છે જ્યારે ભાજપના ઉમેદવારની રાહ જોવાય રહી છે વડગામ તાલુકા મતદારો જ સાંસદની જીત માટે મુખ્ય ભુમિકા બની રહી છે ત્યારે જોવાનુ રહ્યુ કે વડગામ પંથકના મતદારો કોની તરફે ઢળે છે તે તો સમય જ બતાવશે અત્યારે તો વડગામની જનતા લોકસભાની ચુટણીને લઈને અસમંજસમાં જોવા મળી રહી છે.

તાલુકાના લોકોને સતાવતી સમસ્યાઓ...

૧. મુક્તેશ્વર ડેમ અને કર્માવદ તળાવમાં નર્મદાના પાણી નાખવા.
૨. અંતરિયાળ વિસ્તારમાં ગામડાઓમાં રસ્તા, ગટર જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ.
૩. વડગામ તાલુકાના લોકોની વર્ષો જુની વડગામમાં જી.આઈ.ડી.સી. બનાવવાની માંગ સંતોષાથી નથી.
૪. વડગામને અલગ એસ.ટી. ડેપો ફાળવવામાં આવતુ નથી.
૫. પ્રવાસન સ્થળોનો વિકાસ થતો નથી.
૬. તાલુકા મથક વડગામ માં ટ્રાફિકની સમસ્યા નિવારવા બાયપાસ રોડ બનાવાતો નથી.
૭. વડગામ તાલુકા મથકે આવેલ સી.એસ.સી.માં એક્સ રે સોનોગ્રાફી જેવી સુવિધાઓનો અભાવ.

વડગામ તાલુકાની જનતા સતાવતી પાયાની સમસ્યાઓનુ નિરાકરણ લાવવા માટે આજદીન સુધી તાલુકા પંચાયતના પ્રમુખથી લઇને ધારાસભ્ય, સાંસદસભ્ય સહીત રાજકીય આગેવાનો દ્વારા ઉદાસીનતાઓ સેવાય રહી છે માત્ર તાલુકા મતદારોનો વોટ બેન્ક તરીકે જ ઉપયોગ કરાતો હોવાના તાલુકા ભરના મતદારોમાં ચર્ચાઓ થઇ રહી છે.